ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૪/૨૩–૨૪/ 829 તારીખ : 28 APR 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી અનિલકુમાર ચંદ્રકાંતભાઈ જોષી,**
**પ્લોટ નં–૧૯૫૮, '' માતૃછાયા '',**
**સિંધુનગર સ્કુલની બાજુમાં,સરદારનગર,**
**ભાવનગર.**

કેસ નં.૦૪/૨૩–૨૪

**મો.નં–૯૪૦૮૧ ૨૨૨૭૩**

**વિષય : અચાનક મોટી રકમનું બિલ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૯/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૧/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૪/૨૩–૨૪/૭૧૦ તા.૦૧/૦૪/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૪/૨૩–૨૪/૭૧૭ તા.૦૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૪/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

RKA
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

O/c

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **હિલડ્રાઈવ.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૪/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી અનિલકુમાર ચંદ્રકાંતભાઈ જોષી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૮/૦૪/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી અનિલકુમાર ચંદ્રકાંતભાઈ જોષી (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી વાય.આર.જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી અનિલકુમાર ચંદ્રકાંતભાઈ જોષી, મું.ભાવનગરની અચાનક મોટી રકમનું બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૪/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૪/૨૩–૨૪/૭૧૦ તા.૦૧/૦૪/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૮/૦૪/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી અનિલકુમાર ચંદ્રકાંતભાઈ જોષી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી વાય.આર.જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજૂઆત મુજબ શ્રી ચંદ્રકાંતભાઈ બી જોષી, ગ્રાહક નં–૩૦૫૦૪/૦૮૨૫૨/૩ થી ઘરવપરાશ હેતુનું વિજ જોડાણ ધરાવે છે.

૧.૨ સદર વિજ જોડાણમાં ડિસેમ્બર–જાન્યુઆરી–૨૦૨૩ ના રોજ અચાનક વધારે બિલ આવ્યું એટલે કે, રૂા.૯૫૬૬/– (ત્રણ ગણું)

૧.૩ દરેક બિલ રૂા.૨૦૦૦/– થી રૂા.૨૭૦૦/– જેટલું આવે છે પણ આ સમયે વધારે બિલ આવેલ છે તા યોગ્ય કરવા વિનંતી.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી પેટા વિભાગીય કચેરી હિલડ્રાઈવ ખાતે વિજ જોડાણ ધરાવે છે. જેની વિગત નીચે મુજબ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

- Consumer Name : Chandrakant B Joshi
- Address : Plot No.1958, Sindhunagar, Bhavnagar
- Consumer No : 30504/08252/3
- Connection Date : 18.10.1979
- Tariff : RGPU

૨.૨ અરજદારશ્રી દ્વારા તા.૦૯.૦૨.૨૦૨૩ ના રોજ કરેલ ફાસ્ટ મીટરની ફરિયાદના આધારે પેટાવિભાગીય કચેરી હિલડ્રાઈવ દ્વારા તા.૨૨.૦૨.૨૦૨૩ ના રોજ મીટર બદલાવેલ છે જે જુના મીટરનો સીરીયલ નં.PGST-15 835136 છે.**(Annexure-1&2)**

૨.૩ સદર મીટરનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૨૮.૦૨.૨૦૨૩ ના રોજ ગ્રાહકની હાજરીમાં લેબપરીક્ષણ કરવા માં આવેલ અને MRI DATA લેવામાં આવેલ.**(Annexure-3)**

૨.૪ લેબ પરીક્ષણ દરમ્યાન ગ્રાહકનું વીજ મીટર તેમજ MRI DATA બરાબર જણાયેલ છે.

૨.૫ વધુમાં સદર ગ્રાહકના મીટરના MRI રીપોર્ટ ના બિલિંગ પેરામીટર નીચે મુજબ છે.**(Annexure-4)**

| Sr. No | As Per MRI | | As Per Billing | |
|---|---|---|---|---|
| | Date | Cumm KWH | Date | Cumm KWH |
| 1 | 01.12.2023 | 1247 | 29.11.2022 | 1242 |
| 2 | 01.02.2023 | 2356 | 01.02.2023 | 2377 |

૨.૬ આમ, ઉપરોક્ત ઉપલબ્ધ વિગત મુજબ સદર ગ્રાહકશ્રી ચંદ્રકાંતભાઈ બી. જોશી ગ્રાહક નં.૩૦૫૦૪૦૮૨૫૨૩ ને પેટા વિભાગીય કચેરી હિલડ્રાઈવ દ્વારા આપવામાં આવેલ દરેક બિલો મીટરમાં નોંધાયેલ KWH યુનીટ મુજબ જ છે જે ગ્રાહકને કંપનીના પ્રવર્તમાન નિયમોનુસાર ભરવાપાત્ર છે.

જે આપ સાહેબની જાણ સારૂ તથા યોગ્ય થવા સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર અનિલકુમાર ચંદ્રકાંતભાઈ જોષી, રહે–સિંધુનગર, ભાવનગર દ્વારા તેમના ઘર વપરાશના વીજ કનેકશન નં–૩૦૫૦૪/૦૮૨૫૨/૩ માં અંદાજે ૨૦૦૦ થી ૨૭૦૦ રૂ.નું બીલ આવતુ હતું. પરંતુ, ડીસે–જાન્યુ–૨૦૨૩ ના વીજ બીલ અચાનક મોટી રકમ નું રૂ.૯૫૬૬/– નું આવતા ફોરમ ને રજુઆત કરેલ છે.

૩.૨ આજરોજની તા.૧૮/૦૪/૨૦૨૨ ની રૂબરૂ સુનાવણીમાં વાદી પોતે હાજર રહીને મૌખિક રજુઆત કરેલ છે. જયારે, પ્રતિવાદીના પ્રતિનિધિ એ પણ હાજર રહી રજુઆત કરેલ છે.

૩.૩ વાદી ની ફાસ્ટ મીટરની રજુઆતને લઈને પ્રતિવાદી દ્વારા તા.૨૨.૦૨.૨૦૨૩ ના રોજ મીટર બદલી તેની લેબ ટેસ્ટીંગ તા.૨૮.૦૨.૨૦૨૩ ના ગ્રાહકની હાજરીમાં કરવામાં આવેલ અને MRI ડેટા લેવામાં આવેલ, જે

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

બરાબર હોવાનુ પ્રસ્થાપીત થયેલ. વાદી નો MRI રેકર્ડ અને બીલીગ રેકર્ડ પ્રમાણેનો લોડ અને સ્થિતિ પ્રતિવાદી એ રજુ કરેલ છે. જેમાં કોઈ ખાસ તફાવત જોવા મળેલ નથી.

૩.૪ વાદી દ્વારા પણ પોતાના ઘરનો વીજ વાયરીંગ વગેરે ને લઈ તપાસ કરાવેલ છે. જેમાં પણ કોઈ ખામી ધ્યાને આવેલ નથી. આમ, મીટર માં કે વાયરીંગમાં કોઈ ખામી જણાયેલ નથી કે અન્ય કોઈ ટેકનીકલ ક્ષતિ હોઈ તેવું પુરવાર થયેલ નથી.

૩.૫ ઉપરોકત બાબતોને ધ્યાને લેતાં ફોરમને જણાય છે કે, પ્રતિવાદી એ ડીસે–જાન્યુ–૨૦૨૩ નું આપેલ બીલ રૂા. ૯૫૬૬/– વીજ વપરાશ મુજબનું હોઈ, નિયમોનુસારનું છે જે વાદી એ ભરપાઈ કરવાપાત્ર છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૮/૦૪/૨૦૨૩.**

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar